# પંન્યાસ શ્રી યશોભદ્રવિજયજીકૃત

# ચરમ જિનપતિ શ્રી મહાવીર પ્રભુ

# પંચકલ્યાણક પૂજા

## ॥ વિધિ ॥

આ પૂજા ભણાવવા માટે પહેલાં સ્નાત્ર ભણાવવું, પછી ફૂલ નૈવેદ્ય વગેરે સર્વ વસ્તુ પાંચ પાંચ લાવવી, પછી અષ્ટ દ્રવ્યથી પાંચે રકાબી ભરવી, એક જણ રકેબી લઈને ઉભો રહે અને બીજો રકેબીમાં કલશ વગેરે લઈ ઉભો રહે. ત્યારબાદ પૂજાની બે ઢાળો કહી કાવ્ય—મંત્ર ભણી પ્રભુજીને જલસ્નાત્ર કરી ચંદન, પુષ્પ, ધૂપ, દીપ, અક્ષત, નૈવેદ્ય અને ફળથી અષ્ટપ્રકારી પૂજા કરવી. પાંચે પૂજા ભણાવ્યા બાદ આરતિ મંગળદીવો ઉતારવો.

---

## ॥ દુહા ॥

વંદું શ્રી મહાવીરને, પૂરણ પ્રેમ સહિત ॥
શારદ કસ્તુર ગુરુ નમી, રચું કલ્યાણક ગીત ॥૧॥
દેવો જયમ ઉત્સવ કરે, નંદીશ્વર શુભ ઠામ ॥
ત્યમ કલ્યાણક પૂજના, કાપે કષ્ટ તમામ ॥૨॥

શાસન સૂર્યમણિ સમા, શ્રી મહાવીર ભગવંત ॥
સમકિત રૂડું પામિયા, ભવ નયસાર કહંત ॥ ૩ ॥
મુનિવર નંદનના ભવે, પૂજી પ્રભુ નિષ્કામ ॥
વીશસ્થાનક પદ સેવીને, બાંધ્યું શ્રી જિનનામ ॥૪॥
દેવરૂપ પામી રહ્યા, સ્વર્ગે સાગર વીશ ॥
દૈવી સુખ અધિકતર, ભોગવતા અહોનિશ ॥૫॥

॥ શ્રી ચ્યવનકલ્યાણક પૂજા પ્રારંભ ॥

॥ દુહો ॥

પૂરણ પ્રેમે પૂજીએ, પ્રભુ નવ અંગ ઉદાર ॥
ચ્યવન કલ્યાણક વીરતણું, ચઉગતિ ચૂરણહાર ॥૧॥

॥ ઢાળ-૧ ॥
॥ રાગ આશાવરી ॥

ભવિયા શ્રી જિન પૂજો ભાવે ॥ સ્વામી સેવાથી સુખ થાવે ॥ ભવિયા૦ ॥ જંબૂદ્વીપે સુંદર નયરી, માહણ-કુંડ સોહાવે ॥ વિપ્ર ઋષભદત્ત દેવાનંદા, પત્ની તાસ કહાવે ॥ ભવિયા૦ ॥ ૧ ॥ આષાઢી સુદ છઠ્ઠ નિશિ જિનવર, તાસ ઉદર ચ્યવી આવે ॥ ચૌદ સુપન દેખી તે વિપ્રા, અતિશય આનંદ પાવે ॥ ભવિયા૦ ॥ ૨ ॥ અવધિ જ્ઞાને ઇંદ્રે જાણ્યું, પ્રભુની સન્મુખ આવે ॥ નમુ-ત્થુણં ઉચરી શિર નામી, નિજ સ્થાનક પ્રતિ જાવે ॥

ભવિયા૦ ।। ૩ ।। સૌધર્મેંદ્રે સંશય કીધો, જિન ક્ષત્રિય કુલ આવે ।। અંતિમ જિનવર નીચ કુલ આવ્યા, વિપરીત કયમ એ થાવે ।। ભવિયા૦ ।।૪।। મરિચિને ભવ ઉત્તમ–કુલમદ, નીચ ગોત્ર બંધાવે ।। તો પણ જિનવર કેરા જન્મ, નીચ કુલે નવિ થાવે ।। ભવિયા૦ ।।૫।। હરિણગમેષીને તેડાવી, ઇંદ્ર કહે શુભ ભાવે ।। ઉત્તમ કુલમાં જિનને મૂકવા, સત્ય સહુ સમજાવે ।। ભવિયા૦ ।। ।।૬।। સિદ્ધારથ નૃપ ક્ષત્રિયકુંડ, નગરનો રાય કહાવે ।। તસ પટરાણી ત્રિશલા કન્યા, કેરો ગર્ભ ધરાવે ।। ભવિયા૦ ।।૭।। તે કન્યાને દેવાનંદા, કેરા ગર્ભે લાવે ।। શ્રી મહાવીરને ત્રિશલા રાણી–ની કુખમાં પધરાવે ।। ભવિયા૦ ।।૮।। ચૌદ સુપન દેખે તવ રાણી, અદ્‌ભુત રૂપ બતાવે ।। યશોભદ્ર પ્રફુલ્લિત જિન જનની, પતિને વાત જણાવે ।। ભવિ૦ ।।૯।।

### ।। દુહો ।।

ચૌદ સુપન દેખી અનુપ, ત્રિશલા જાગ્રત થાય ।।
પતિ પાસે જઈ પ્રેમથી, વાત કહે સુખદાય ।।૧।।

### ।। ઢાળ ।।

।। રાગ–ઓ પ્રેમનગરના પંખેરૂં, તને પૂછું એક જ વાત ।।

ઉલ્લાસભરી સિદ્ધારથને જઇ, કહેતી પ્રભુની માત,

સુંદર સ્વપ્ના કેરી વાત, સુંદર સ્વપ્ના કેરી વાત ॥ ટેક ॥ પહેલે સ્વપ્ને ગજવર દીઠો, વૃષભ પછી હે નાથ ॥ કેશરી સિંહ વલી શ્રીદેવી, દેખી થાઉં સનાથ ॥ સુંદર૦ ॥ ॥૧॥ માલ કુસુમની પંચમ સ્વપ્ને, છઠ્ઠે શશિ સુખકાર ॥ તમનાશક અવલોકયો સૂરજ, ધ્વજ સોહે મનહાર ॥ સુંદર૦ ॥૨॥ કલશ અનુપમ પદ્મ સરોવર, પદ્મ થકી સોહાય ॥ ક્ષીરસાગર સ્વપ્નું અગીયારમું, દેખી કૌતુક થાય ॥ સુંદર૦ ॥૩॥ બારમે દેવવિમાન તેરમેં, ગંજ રત્નનો રમ્ય; ચૌદમે સ્વપ્ને ધૂમ વિનાનો, અગ્નિ દીઠો અગમ્ય ॥ સુંદર૦ ॥૪॥ ચિંતન કરત ચૌદ સુપનના, અર્થ ઘટાવે રાય ॥ સુંદર સદ્ગુણવાળો થાશે, સુત સહુને સુખદાય ॥ સુંદર૦ ॥૫॥ ત્રિશલા રાણી પ્રમુદિત ડોલે, ધર્મ કરે બહુ ભાત ॥ સ્વપ્ન પાઠકને રાજા પૂછે, જ્યારે થયું પ્રભાત ॥ સુંદર૦ ॥૬॥ જોષી કહેતા સ્વપ્ન ચતુર્દશ, દેખે જિનની માત ॥ ચક્રી જનની તેટલા દેખે, વાસુદેવની સાત ॥ સુંદર૦ ॥૭॥ ચાર સ્વપ્ન બલદેવની માતા, નીરખે સત્ય વિચાર ॥ જનની મંડલીક કેરી નિહાલે, સ્વપ્નું એક ઉદાર ॥ સુંદર૦ ॥૮॥ કુલ અજવાલે જગ અજવાલે, થાશે પુત્ર મહાન ॥ ચક્રવર્તી

તીર્થંકર થાશે, ત્રિભુવન તિલક સમાન ॥ સુંદર૦ ॥ ૯ ॥
હર્ષિત નૃપતિ દાન દીએ વલી, ધર્મ કરે બહુ ભાત ॥
ઋદ્ધિ સિદ્ધિ દંપતી પામ્યા, ટળ્યા સહુ ઉત્પાત ॥ સુંદર૦ ॥
॥ ૧૦ ॥ દોહદ ઉપજે ત્રિશલાજીને, પૂર્ણ કરે સહુ રાય ॥
અરિહા ભક્તિ પૂજન કરતાં, યશોભદ્ર ગુણ ગાય ॥
॥ સુંદર૦ ॥ ૧૧ ॥

॥ કાવ્યં ॥

જસ્સાવયારે તહ જમ્મણમ્મિ, ચરિત્તનાણે સિવસુક્ખકાલે ॥
મહં કરેજજાડસુરસુરઇંદા. જયએઉ સોવીર-જિણિંદનાહો ॥ ૧ ॥

॥ મંત્રઃ—ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મજરા-
મૃત્યુનિવારણાય શ્રીમતે જિનેંદ્રાય જલં ૧, ચંદનં ૨, પુષ્પં ૩,
ધૂપં ૪, દીપં ૫, અક્ષતં ૬, નૈવેદ્યં ૭, ફલં ૮, યજામહે સ્વાહા ॥
( આ કાવ્ય તથા મંત્ર દરેક પૂજા ઠેઠ કહેવાં )
ચ્યવન કલ્યાણકે પ્રથમ પૂજા સમાપ્ત ॥ ૧ ॥

## શ્રી જન્મકલ્યાણક પૂજા પ્રારંભ ॥

॥ દુહા ॥

અચળ રહ્યા પ્રભુ ગર્ભમાં, માતની જાણી દાઝ ॥
વિપરીત સમજી મા રડે, સવળ્યા ત્રિભુવન રાજ ॥ ૧ ॥
માતપિતા જીવતાં સુધી, દીક્ષા ન લેવી મ્હારે ॥
અંતર્યામી તે સમે, અભિગ્રહ એવો ધારે ॥ ૨ ॥

મંગલ દિન મંગલ ઘડી, મંગલ યોગ અનુપ ॥
મંગલ કારણ જગતમાં, જન્મ્યા ત્રિભુવન ભૂપ ॥ ૩ ॥

॥ ઢાળ-૧ ॥

॥ પારેવડા જાજે વીરાના દેશમાં—એ રાગ ॥

સોહામણી ધન્ય ઘડી એક આવતી, વીર જન્મના વધામણાં લાવતી ॥ સોહામણી૦ ॥૧॥ ચૈત્ર શુદિ તેરશની રાતડી અનોખી, જ્યોતિ ત્રિલોકમાં ફેલાવતી ॥ સોહામણી૦ ॥ ॥૨॥ સાતે નરક પણ અજવાળાં પામિયાં, સ્થાવરનાં દુઃખડાં મિટાવતી ॥ સોહામણી૦ ॥૩॥ છપ્પન્ન દિગ્કુમરી તિહાં હોંશથી, સૂતિકરણ કાજ આવતી ॥ સોહામણી૦ ॥ ॥૪॥ પ્રભુને નમી પ્રભુ માતને નમીને, નિજનિજ કરણી બજાવતી ॥ સોહામણી૦ ॥ ૫ ॥ જોજન ક્ષેત્રની શુદ્ધ કરી ધરણી, જલ કુસુમ વરસાવતી ॥ સોહામણી૦ ॥૬॥ વીંજણ ચામર દર્પણ દીપક, કલશ ભરી ભરી લાવતી ॥ સોહામણી૦ ॥ ॥૭॥ નવણ કરાવી માત પ્રભુને, [1]રંભાગૃહે પધરાવતી ॥ ॥ સોહામણી૦ ॥૮॥ શણગારી બાંધતી રક્ષાની પોટલી, ચરણોમાં શિર નમાવતી ॥ સોહામણી૦ ॥૯॥ દુનિયાનો દીવો જાયો એ માતને, ધન્યવાદ આપી ગુણ ગાવતી ॥ સોહામણી૦ ॥૧૦॥ સુત ઘણું જીવજે આશિષ દઈ સંચરે, યશોભદ્ર મન ભાવતી ॥ સોહામણી૦ ॥૧૧॥

---

૧ કેળના ઘરમાં

## ॥ દુહા ॥

આસન કંપે ઇંદ્રનું, પ્રભુ જન્મ્યા સમજાય ॥
જઈ જિનને વંદન કરી, હરિ હર્ષિત અતિ થાય ॥૧॥
નિદ્રા આપી માતને, મૂકી બિંબ અનુપ ॥
સુરગિરિ પ્રભુને લાવિયા, હરિ ધરી પંચરૂપ ॥૨॥
ચોસઠ સુર નરનારીઓ, મલિયા સુરગિરિ શૃંગ ॥
પ્રભુ જન્મોત્સવ કારણે, અંતર અતિ ઉમંગ ॥૩॥

## ॥ ઢાળ ૨ ॥

॥ જબ તુમહી ચલે પરદેશ—એ રાગ ॥

ભક્તિથી ઉર ભરપૂર, ચોસઠ સુર સુરગિરિ આયા, અભિષેક કરી સુખ પાયા (ટેક) માગધ વરદામ ક્ષીરોદધિ જલ, પૂજા સામગ્રી રચી નિર્મલ ॥ પાંડુકશિલા પર આસન રમ્ય બનાયા ॥ અભિષેક૦ ॥૧॥ હરિ પ્રભુબળની શંકા લાવે, અંગુઠે મેરૂ ધ્રૂજાવે ॥ ભ્રમ દૂર થતાં ચરણોમાં શિર નમાયા ॥ અભિષેક૦ ॥૨॥ અભિષેકે ચોસઠ સહસ કલશ, એવાં અઢીસેં અભિષેક સરસ ॥ વૈમાનિક સુર સુરનારી મલીને ચડાયા ॥ અભિષેક૦ ॥૩॥ પ્રભુ અંગ લૂંછી ચરચી ચંદન, ફૂલ ધૂપ દીપ ધરી રમ્ય વસન ॥ ગીત નર્તન નવનવ ભાવ કરી રીઝાયા ॥ અભિષેક૦ ॥૪॥ હરિ જિન

Repeat every time

જનની પાસે આવે, વંદન કરી પ્રભુને પધરાવે ॥ અવ-
સ્વાપિનીનિદ્રા બિંબને દૂર હટાયા ॥ અભિષેક૦ ॥૫॥
અંગુઠે અમૃત રસધરતા, ઋદ્ધિ સિદ્ધિ નવ નિધિ ભરતા ॥
નિજ કૃત્ય કરી ચાલ્યા હરખે સુરરાયા ॥ અભિષેક૦ ॥૬॥
નંદીશ્વર પર સહુ સુર જતા, અટ્ઠાઈ મહોત્સવ ઊજવતા ॥
અદ્ભુત આનંદ સમીરે મન લહેરાયા ॥ અભિષેક૦ ॥૭॥
વીર જિનનાં ગુણગાન કરી, પૂજા કરીએ ભવિ ભાવ ધરી ॥
યશોભદ્ર જિન જન્મ કલ્યાણક ગાયા ॥ અભિષેક૦ ॥૮॥

॥ કાવ્યં ॥

જસ્સાવયારે તહ જમ્મણમ્મિ, ચરિત્તનાણે સિવસુક્ખકાલે ॥
મહં કરેજ્જાઽસુરસુરઈંદા, જયેઉ સોવીરજિણિંદનાહો॥૧॥

॥ મંત્ર :-ૐ હ્રીઁ શ્રી પરમપુરૂષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ-
નિવારણાય શ્રીમતે જિનેંદ્રાય જલં ૧, ચંદનં ૨, પુષ્પં ૩, ધૂપં ૪,
દીપં ૫, અક્ષતં ૬, નૈવેદ્યં ૭, ફલં યજામહે સ્વાહા ॥

॥ જન્મકલ્યાણકે દ્વિતીય પૂજા સમાપ્ત ॥

## ॥ શ્રી દીક્ષાકલ્યાણક પૂજા પ્રારંભ ॥

॥ દુહા ॥

જન્મોત્સવ લાવી ઉષા, સિદ્ધારથને ધામ ॥
બંધ છુટયા હરખી પ્રજા, નાસે દુઃખ તમામ ॥૧॥

દશ દિન ઓચ્છવ બારમે, દિને કરે, નામાભિધાન ॥
સુખસંપદ વૃદ્ધિ થતા, ધરે નામ વર્ધમાન ॥ ૨ ॥

॥ ઢાળ ૧ ॥
॥ આવો આવો દેવ મારા—એ રાગ ॥

ત્રિશલાજીનો લાડકવાયો, સિદ્ધારથનો નંદ, પ્રગટયો દુનિયાનો દીવો ॥ એ—ટેક ॥ સકલ સુઅંગ સુગંધિત સુંદર, વર્ધમાન સુકુમાર ॥ વર્ણ સુવર્ણ વળી સિંહ લંછન, વદન કાંતિ મનોહાર ॥ પ્રગટયો૦ ॥૧॥ શ્વેત રક્ત યુત નિર્મલ કાયા, સુગંધિત શ્વાસોશ્વાસ ॥ ત્રણ જ્ઞાનનો જ્ઞાતા જન્મે, પૂરે મનની આશ ॥ પ્રગટયો૦ ॥૨॥ ઇંદ્ર સભામાં પ્રભુના બળના, ભક્તિથી ગુણ ગાય ॥ શંકા કરતો દેવ મિથ્યાત્વી, આવ્યો અવની માંહ્ય ॥ પ્રગટયો૦ ૩ ॥ આમલકી ક્રીડા ખેલે જિનજી, નિજ નિજ બાળક સંગે ॥ સર્પ બની વૃક્ષે વીંટળાયો, સુર પણ તેજ પ્રસંગે ॥ પ્રગટયો૦ ॥૪॥ સર્પ ફૂંફાડે બાળક ભાગ્યા, પ્રભ ભયભીત ન થાવે ॥ કરમાં ઝાલીને દૂર ફેંકર્યો, ભીતી સકળ શમાવે ॥ ॥ પ્રગટયો૦ ॥૫॥ પ્રભુને પૃષ્ઠ પરે લઇ સુર તે, સાત તાલ રૂપ ધારે ॥ વજ્ર મુષ્ટિનો પ્રહાર દઇને, શંકા તેની નિવારે ॥ પ્રગટયો૦ ॥૬॥ મહાવીર નામ દઇને સુર તે, ચાલ્યો શિષ નામી ॥ અભય અતુલ બળના ધરનારો, કોઇ

શકે ના ફાવી ।। પ્રગટયો૦ ।। ૭ ।। વીર વિભુને ભણવા મૂકિયા, આઠમે વર્ષે નિશાળે ।। જિનેંદ્રવ્યાકરણ પ્રગટયું ત્યારે,(2) ગુરુના સંશય ટાળે ।। પ્રગટયો૦ ।।૮।। સુદર્શના નામે છે ભગિની, નંદિવર્ધન ભાઈ ।। યૌવન વયમાં વીરજી પરણ્યા,(2) યશોમતિ સુખદાઈ ।। પ્રગટયો૦ ।। ૯ ।। માત પિતા સ્વર્ગે સીધાવ્યા, અઠ્ઠાવીસમે વરસે ।। યશોભદ્રના સ્વામી સંયમ,(2) લેવા કાજે તલસે ।। પ્રગટયો૦ ।। ૧૦ ।।

ત્રિશલાના... (2)

।। દુહા ।।

(Good SAME RAAG)

સંયમ કાજે સંમતિ, વડીલ ભ્રાતની ચ્હાય ।।
દોય વરસ થોભી જવા,(2) વિનવે પ્રભુને ત્યાંય ।।૧।।
વડીલ વચન હૈયે ધરી, થોભ્યા જગદાધાર ।।
બ્રહ્મચર્ય પાળે વલી,(2) કરે પ્રાસુક આહાર ।। ૨ ।।

ત્રિશલાના... આવો આવો દેવ...

।। ઢાળ ૨ ।।

।। સાંભળજો મુનિ સંયમ રાગે—એ રાગ ।।

સંયમ રસિયા રહી શુભ ધ્યાને, દોય વરસ વીતાવે રે ।।(2) અવધ થયે લોકાંતિક દેવો, વિનવે પ્રભુને ભાવે રે ।। સંયમ૦ ।। ૧ ।। જય જય નંદા જય જય ભદ્દા, ધર્મ તીરથ તુમે થાપો રે ।। બૂઝો બૂઝો હે ત્રિભવન નાયક, જગજનનાં દુઃખ કાપો રે ।। સંયમ૦ ।।૨।। સંયમ અવસર જાણી જિનજી, દેતા વરસીદાન રે ।। એક ક્રોડ અડ-

લખ સોનૈયા, પ્રતિદિન દે વર્દ્ધમાન રે ।। સંયમ૦ ।। ૩ ।। એમ સંવત્સર દાન દીયે પ્રભુ, હરિ સહુ ધન ઉપજાવે રે ।। જિનવર હાથે દાન ગ્રહે જે, પીડા રહિત તે થાવે રે ।। ।। સંયમ૦ ।।૪।। સંમતિ પામી દીક્ષા કાજે, વીરજી તત્પર થાયે રે ।।।। ચોસઠ ઇંદ્રો દેવ દેવી સહુ, ક્ષત્રિયકુંડે જાયે રે ।।સંયમ૦ ।।૫।। કનક મણિના કલશ અનુપમ, તીરથ જળ ભરી લાવે રે ।। પ્રેમ કરી પ્રભુને નવરાવી, શણગાર સજાવે રે ।।સંયમ૦ ।।૬।। ચંદ્રપ્રભા શિબિકા અતિ સુંદર, સિંહાસન પધરાવ્યા રે ।। સુર ઉપાડે મંગલ ગાવે, કુસુમે નાથ વધાવે રે ।।સંયમ૦ ।।૭।। દુંદુભી વાજે જય જય ગાજે, આવ્યા જ્ઞાત ઉદ્યાને રે ।। પ્રભુ મુખ પદ્મ નિહાળી જન સહુ, ધન ધન જીવ માને રે ।। સંયમ૦ ।।૮।। શુભ મુહૂર્તે અશોક નીચે, આભૂષણ સવિ ત્યાગે રે ।। લોચ કરે નમી સિદ્ધ ધરે વ્રત, મનઃપર્યવ જ્ઞાન જાગે રે ।। સંયમ૦ ।। ।।૯।। ઇંદ્ર પ્રભુને ડાબે ખંધે, દેવદૂષ્ય પધરાવે રે ।। વંદન કરી નંદીશ્વર જઈ સુર, નિજ નિજ સ્થાનક જાવે રે ।। ।। સંયમ૦ ।।૧૦।। છોડી સહુ સંસાર સંબંધી, વીર બન્યા અણગારી રે ।। વીતરાગી વીર ચરણે વંદન, યશોભદ્ર સુખકારી રે ।। સંયમ૦ ।।૧૧।।

॥ કાવ્યં ॥

જસ્સાવયારે તહ જમ્મણુમ્મિ, ચરિત્તનાણેસિવસુક્ખકાલે ॥
મહંકરેજજાઽસુરસુરઇંદ્રા, જઅેઉ સોવીર-જિણિંદનાહો ॥૧॥

॥ મંત્ર :- ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ-નિવારણાય શ્રીમતે જિનેંદ્રાય, જલં ૧, ચંદનં ૨, પુષ્પં ૩, ધૂપં ૪, દીપં ૫, અક્ષતં ૬, નૈવેદ્યં ૭, ફલં ૮, યજામહે સ્વાહા ॥

॥ દીક્ષાકલ્યાણકે તૃતીય પૂજા સમાપ્ત ॥

## ॥ શ્રી કેવલજ્ઞાનકલ્યાણક પૂજા પ્રારંભ ॥

॥ દુહા ॥

વિહાર કરતાં વીરજી, છોડી સહુ સમુદાય રે ॥
કુમાર ગામે આવિયા, બે ઘડી દિન દેખાય રે ॥૧॥
કાઉસગ્ગ મુદ્રા ધારીને, જિનવર ઉભા જ્યાંય રે ॥
પીડા કરતા ગોપને, હરિ સમજાવે ત્યાંય રે ॥૨॥
ઉપસર્ગો પ્રભુને અતિ, સહાય થવાને કાજ રે ॥
સ્વામી સંગે વિહરવા, વિનતિ કરે સુરરાજ રે ॥૩॥
અન્ય બળે અરિહંત નવ, ચાહે કેવલજ્ઞાન રે ॥
એમ કહીને વિહરતા, અવનીપર ભગવાન રે ॥૪॥

॥ ઢાળ ૧ ॥

॥ નવણની પૂજા રે નિરમલ આતમા રે-એ રાગ ॥

પ્રભુજી સીધાવ્યા રે, કર્મદળ જિતવા રે (૨) ॥ ટેક ॥

વીરજી સીધાવ્યા રે, કર્મદળ જિતવા રે ।। સહેતા પરિસહ અતિ દુઃખકાર, અભિગ્રહ ધારે વિવિધ પ્રકાર ।। કર્મ ખપાવે રે સમ્યગ્ ભાવથી રે ।। પ્રભુજી૦ ।।૧।। પીડતો શૂળપાણિ લેઈ લાગ, ડશીઓ ચંડકોશીઓ નાગ ।। નાગ–કુમારે રે પ્રભુજીને દૂભવ્યા રે ।। પ્રભુજી૦ ।।૨।। ગોશાલો કટપૂતના ક્રૂર, વ્યંતરી શાલાર્યા મગરૂર ।। સંગમ દેવે રે ઉપસર્ગો કર્યા રે ।।પ્રભુ૦।। ૩ ।। મનમાં આણી અતિ-શય કોપ, કર્ણે ખીલા ઠોકે ગોપ ।। નાદ કરંતા રે ભૈરવ વન થયું રે ।। પ્રભુજી૦ ।।૪।। ચંદનબાળાને ભુવન, વ્હોરે બાકુળા ભોજન ।। અભિગ્રહ ધારે રે અગણિત કષ્ટના રે ।। ।। પ્રભુજી૦ ।।૫।। ષટ્માસી પંચઉણુ ષટ્માસી, નવ ચોમાસી બે ત્રણ માસી ।। બે અઢી માસી રે ષટ્ બે માસી કરી રે ।। પ્રભુજી૦ ।। ૬ ।। બે દોઢ માસી દ્વાદશ માસ, બ્હોંતેર કીધાં છે અર્ધમાસ ।। દ્વાદશ કીધાં રે અટ્ઠમ તપ ભલાં રે ।। પ્રભુજી૦ ।।૭।। છટ્ઠ તપ બસેં ઓગણત્રીસ, દો ચાર દશ દિન ત્રિભુવન ઈશ ।। પ્રતિમા ધારે રે ભદ્રાદિક તણી રે ।। પ્રભુજી૦ ।।૮।। પારણાં ત્રણસેં ઓગણપચાસ, તપીઆં તપ ઈમ ધરી ઉલ્લાસ ।। જલ વિણ કીધાં રે પ્રભુએ તપ સહુ રે ।। પ્રભુજી૦ ।।૯।। પ્રભુએ પારણાં કીધ

જ્યાંય, કરતા પંચ દિવ્ય સુર ત્યાંય ।। જગ ઉપકારી રે જગમાં વિહર્યા રે ।। પ્રભુજી૦ ।।૧૦।। વિહર્યા વર્ષ તે સાડાબાર, યશોભદ્ર જીવન આધાર ।। ધીરજ ધારી રે કર્મ વિદારિયાં રે ।। પ્રભુજી૦ ।।૧૧।।

।। દુહા ।।

આઠે પ્રવચન પાળતા, શુદ્ધ ચારિત્ર અપાર ।।
પંચ મહાવ્રત ધારતા, વીર પ્રભુ અણગાર ।।૧।।
નિરાશ્રય નિર્ભય સદા, નિસ્નેહી નિર્ગ્રંથ ।।
નિર્લેપી નિર્મલ અચલ વલી નવિ ચઉ પ્રતિબંધ ।।૧।।

।। લાખ લાખ દીવડા—રાગ ।। ઢાળ ૨ ।।

લાખ લાખ કર્મોની ફોજને વિદારતા, રાગદ્વેષ દૂર કરનાર, વીતરાગી વીર જિન પૂજીએ ।। મમતા ન ધારતા, સમતા સોહાવતા, ચારિત્ર ગુણભંડાર ।।વી૦ ।।૧।। નિરાલંબન પંચ ઈન્દ્રિયને વશ કરે, સમરથ સૂર્ય સમા તેજસ્વી અઘ દહે, નિંદ શયન ત્યજનાર ।। વી૦ ।। ૨ ।। શાંતિ ક્ષમા જ્ઞાન દર્શનમાં રમે, આર્જવ માર્દવ નિર્લોભતા ગમે ।। સાધ્ય પદે રમનાર ।। વી૦ ।।૩।। વૈશાખ સુદ દશમીને મધ્યાહ્ને, ક્ષપક શ્રેણી ચઢી શુકલધ્યાને ।। ઘનઘાતી કીધાં સંહાર ।।વી૦ ।।૩।। શાલ વૃક્ષ નીચે સુશોભિત અવસરે,

કેવળજ્ઞાન અણમૂલું પ્રભુ વરે ।। વરત્યો ત્યાં જય જયકાર ।। ।।વી૦ ।।૪।। લોક અલોકના ભાવો જાણે બધા, સમવસરણમાં દીધી જ્યાં દેશના ।। નિષ્ફલ જાય તેણીવાર ।। વી૦ ।। ।।૫।। નયરી અપાપા મહાસેન વનમાં, સમવસરણ સુર રચતા ઉમંગમાં ।। ત્રણ ગઢ ચઉ ચઉ દ્વાર ।। વી૦ ।। ૬ ।। રત્નસિંહાસને જિનજી બિરાજતા, માલકોષ રાગમાં દેશના ત્યાં આપતા ।। વાણી યોજન વિસ્તાર ।। વી૦ ।।૭।। ગૌતમ આદિના સંશય ટાલીયા, ચારિત્ર દઇ ગણધર પદે સ્થાપિયા।। સમજાવ્યો સ્યાદ્વાદ સાર ।। વીર૦ ।।૮।। સ્થાપીયો ચતુર્વિધ સંઘ તેણે સમે, સુર નર તિર્યંચ સર્વ સુખમાં રમે ।। ઉત્સવ રંગ અપાર ।। વી૦ ।। ૯ ।। શાસન સ્વામી દેવછંદે સોહાવતા, યશોભદ્ર અરિહંત ગુણ ગાવતા, ભવ ભય ભંજનહાર ।। વી૦ ।। ૧૦ ।।

।। કાવ્યં ।।

જસ્સાવયારે તહજમ્મણમ્મિ, ચરિત્તનાણે સિવસુક્ખકાલે ।।
મહં કરેજ્જાઽસુરસુરઇંદા, જયેઉ સો વીર-જિણિંદનાહો ।।૧।।

।। મંત્ર :- ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુનિવારણાય શ્રીમતે જિનેંદ્રાય, જલં ૧, ચંદનં ૨, પુષ્પં ૩, ધૂપં ૪, દીપં ૫, અક્ષતં ૬, નૈવેદ્યં ૭, ફલં ૮, યજામહે સ્વાહા ।।

ઇતિ કેવળજ્ઞાન કલ્યાણકે ચતુર્થ પૂજા સમાપ્ત ।। ૧ ।।

## ॥ નિર્વાણકલ્યાણક પૂજા પ્રારંભ ॥

### ॥ દુહા ॥

તીર્થંકર જિન કેવલી, ચોત્રીસ અતિશયવંત ॥
પ્રેમ થકી પૂજો ભવિ, સિદ્ધ બુદ્ધ ભગવંત ॥૧॥
ચાર અતિશય જન્મથી, કેવળી થયે અગિયાર ॥
નવ દશ અતિશય સુર કરે, અદ્ભૂત ગુણ ભંડાર ॥૨॥

### ॥ ઢાળ ૧ ॥

॥ કરપી ભૂંડો સંસારમાં-એ રાગ ॥

આનંદકારી અરિહંતજી રે, ચોવીશમા જિનરાજ ॥ પરમાનંદી પરમાતમા રે, શાસનના શિરતાજ ॥ આ૦ ॥ ॥૧॥ નિર્મલ નિરોગી તન અતિ રે, શ્વાસે સુગંધ અપાર ॥ માંસ રુધિર અતિ ઉજળું રે, દેખે ન કોઇ આહાર ॥ આ૦ ॥ ૨ ॥ યોજન–ગામી વાણી વદે રે, પાંત્રીશ ગુણયુત્ત સાર ॥ તાપ ત્રિવિધ નડે નહી રે, પાંચશે કોશ વિસ્તાર ॥ આ૦ ॥ ૩ ॥ ધર્મચક્ર ધ્વજ ચામરે રે, સિંહાસન ત્રણ છત્ર ॥ કનક કમલ પ્રભુ પગ ઠવે રે, મંદ પવન સર્વત્ર ॥ આ૦ ॥ ૪ ॥ વરસે ફૂલ સુગંધ-જારે, ઋતુ અનુકૂલ થાય ॥ નખ કેશ વધતા નહીં રે, સુર કોડી સેવે સદાય ॥ આ૦ ॥ ૫ ॥ ચાર મુખે દીયે દેશના રે,

ચોત્રીશ અતિશયવંત ।। વિહરતા અવનિ પર રે, કરે ઉદ્ધાર અનંત ।। આ૦ ।। ૬ ।। માત પિતા પ્રસન્નચંદ્રજી રે, દશાર્ણ આર્દ્ર કુમાર ।। શાલિભદ્ર ધનશેઠજી રે, શ્રેણિક મેઘકુમાર ।। આ૦ ।। ૭ ।। ચંદનબાલા ને મૃગાવતી રે, સુજયેષ્ઠા સજ્જાર ।। નર નારી એમ તારિયા રે, જિનવર પરમ ઉદાર ।। આ૦ ।।૮।। ચૌદ સહસ સાધુ થયા રે, ગણધર છે અગિયાર ।। છત્તીસ સહસ તે સાધવી રે, કેવળી સાતસેં સાર ।। આ૦ ।। ૯ ।। અવધિજ્ઞાની તેરસે રે, વાદી ચઉ શત સાચ ।। વૈક્રિયલબ્ધિ મુનિ સાતસેં રે, મનઃપર્યવ શત પાંચ ।। આ૦ ।।૧૦।। નવ સહસ દોઢ લાખ છે રે, શ્રાવક શુદ્ધાચાર ।। સહસ અઢાર ત્રણ લાખનો રે, શ્રાવિકા પરિવાર ।। આ૦ ।।૧૧।। ચઉદસ પૂરવી ત્રણસેં રે, સુર નરનારી વિશેષ ।। અધમ ઉદ્ધારણ નાથજી રે, વિચરે દેશ વિદેશ ।। આ૦ ।। ૧૨ ।। ચંપા ભદ્રિકા ને મિથિલા રે, વૈશાલીપુર વાસ ।। રાજગૃહી આદિ પુરી રે, સ્વામી રહ્યા ચોમાસ ।। આ૦ ।। ૧૩ ।। પ્રભુજી આવ્યા પાવાપુરી રે, ચરમ ચોમાસા કાજ ।। યશોભદ્ર વીર વંદિયે રે, જગજીવન જિનરાજ ।। આ૦ ।। ૧૪ ।।

॥ દુહા ॥

કાર્તિકમાસ અમાવસી, રજની સ્વાતિ ચંદ ॥
સોલ પ્રહર દેઈ દેશના, શ્રી મહાવીર જિણંદ ॥ ૧ ॥
છટ્ઠ તપશાલી નાથજી, સુરવંદિત જગભાણ ॥
પૂરણ પરમાનંદ યુત, પામ્યા પદ નિર્વાણ ॥ ૨ ॥
ભાવ દીપક જાતા થકાં, દીવડા કરતા રાય ॥
સુર સહુ નિજ કરણી કરે, જય જય ધ્વનિ થાય ॥૩॥
દાઢાદિક લઈને રચે, રત્ન થૂભ મનોહાર ॥
નંદીશ્વર ઉત્સવ કરે, કલ્યાણક સુખકાર ॥ ૪ ॥

॥ ઢાળ-૨ ॥
॥ રાગ ભૈરવી ॥

જય મહાવીર જગત ઉપકારી ॥ એ ટેક ॥ ત્રિભુવન નાયક તીર્થંકર પ્રભુ, તાર્યા કંઈ નરનારી ॥ જય૦ ॥ સિદ્ધ બુદ્ધ મુક્તાત્મા સ્વામી, આત્માનંદી આતમરામી ॥ ચોત્રીશ અતિશયધારી ॥ જય૦ ॥ ૧ ॥ પૂર્ણપુરૂષ પરમાતમ દેવા, સુર નર ઇંદ કરે નિત સેવા ॥ જિનવર જ્યોતિધારી ॥ જય૦ ॥ ૨ ॥ અજર અમર પ્રભુ નાથ નિરંજન, કર્મ અનંતા કરે નિકંદન ॥ સકલ જંતુ હિતકારી ॥ જય૦ ॥ ૩ ॥ અકલ અસંગ વળી અવિનાશી, કેવલી લોકાલોક પ્રકાશી ॥ અદ્ભુત આનંદકારી

॥ જય૦ ॥ ૪ ॥ મહા ગોપ મહામાહણ સ્વામી, દોષ અઢાર રહિત નિષ્કામી ॥ ગુણ અનંતા ધારી ॥ જય૦ ॥ ॥ ૫ ॥ દ્રવ્ય ગુણ પર્યાયને જાણે, સહજાનંદ સમાધિ માણે ॥ અક્ષય પદ દાતારી ॥ જય૦ ॥ ૬ ॥ વર્ષ બહોંતેર કેરું આયુ, પૂરણ પુન્યથકી સોહાયું ॥ આપ વર્યા શિવનારી ॥ જય૦ ॥ ૭ ॥ ગૌતમ દૂર હતો તે ટાણે, સુણી નિર્વાણ વિષાદ તે આણે ॥ શોક કરે બહુ ભારી ॥ જય૦ ॥ ૮ ॥ શોક કરંતા સમતા ધારે, કેવલજ્ઞાન થયું તે વારે ॥ ઉત્સવ શોભા ન્યારી ॥ જય૦ ॥ ૯ ॥ પારસનાથ ને વીર જિનેશ્વર, વરસ અઢીસેં કેરું અંતર, શાસનના સુખકારી ॥ જય૦ ॥ ૧૦ ॥ પંચકલ્યાણક ઉત્સવ કરિયે, પૂજન કરતાં ભવ દુઃખ હરિયે, મૂરતિ મંગલકારી ॥ જય૦ ॥ ૧૧ ॥ પૂજા કરતા ભાવના ભાવો, ઘર ઘર આનંદ મંગલ ગાવો ॥ ગાવો જિનવર જયકારી ॥ જય૦ ॥ ૧૨ ॥ તીર્થોદ્ધારક નેમિસૂરીશ્વર, સૂરિ વિજ્ઞાન ને કસ્તુર ગુરુવર ॥ યશોભદ્ર જાઉં વારી ॥ જય૦ ॥ ૧૩ ॥

॥ કાવ્યં ॥

જસ્સાવયારે તહ જમ્મણમ્મિ, ચરિત્તનાણે સિવસુક્ખકાલે ॥
મહં કરેજ્જાડસુરસુરઈંદા, જયઉ સો વીર-જિણિંદનાહો ॥૧॥

॥ મંત્રઃ-ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુ-નિવારણાય શ્રીમતે જિનેંદ્રાય, જલં ૧, ચંદન, ૨. પુષ્પં, ૩, ધૂપં, ૪ દીપં, ૫ અક્ષતં, ૬ નૈવેદ્યં, ૭, ફલં ૮, યજામહે સ્વાહા ॥

શ્રીનિર્વાણકલ્યાણકે પંચમ પૂજા સમાપ્ત ॥ ૨ ॥

## —કળશ—

॥ જિણંદા પ્યારા મુણિંદા પ્યારા—એ રાગ ॥

આજે મેં તો ગાયા, મહાવીર જિનરાયા (૨) ચોવીશમા અરિહંત, વીર જિનેશ્વર ગાયા. (ટેક) ત્રિશલા-નંદન, ભવદુઃખભંજન, ભવદુઃખભંજન ॥ સિદ્ધ બુદ્ધ ભગવંત, વીર જિનેશ્વર ગાયા ॥ વીર ॥ ૧ ॥ તપગચ્છ દીવો સિંહસૂરીશ્વર, સત્યવિજય ગણિરાજ ॥ વીર૦ ॥ મણિ બુદ્ધિ વૃદ્ધિ મુનિરાયા, સંવેગી શિરતાજ ॥ વીર૦ ॥૨॥ તેહની પાટે વીરશાસનમાં, સૂરિજી જગત પ્રસિદ્ધ ॥ વીર૦ ॥ ષડ્દર્શનમાં જ્ઞાની અનુપમ, બોધ્યા નૃપ બહુવિધ ॥ વીર૦ ॥ ॥૩॥ સિંહ સમ શૂરા તીર્થોદ્ધારક, સૂરિસમ્રાટ કહાય ॥ વીર૦ ॥ બાલ બ્રહ્મચારી પ્રખર પ્રતાપી, વિજય નેમિ-સૂરિરાય ॥ વીર૦ ॥૪॥ વિજય વિજ્ઞાન સૂરિ તસ પટધર, ગુણગણના ભંડાર ॥ વીર૦ ॥ સંયમ દાતા છે સૂરિરાયા, મુજ આતમના ઉદ્ધાર ॥ વીર૦ ॥૫॥ તેહના પટધર શાસ્ત્ર

પ્રવીણ છે, કસ્તુરસૂરિ ગુરુરાજ ।। વીર૦ ।। મન વચ કાયે પાવનકારક, વ્રતદાતા સૂરિરાજ ।।વીર૦ ।।૬।। બોટાદ નગરે રમ્ય મનોહર, ત્રણ ચૈત્યો સોહાય ।। વીર૦ ।। વિક્રમ દોય સહસ ને છમાં, ચોમાસુ ત્યાં થાય ।। વીર૦ ।।૭।। શિષ્ય શુભંકરવિજય આગ્રહથી, પૂજા રચી શ્રીકાર ।। વી૦ ।। ભગવતીસૂત્રના યોગને કરતો, ગુરુ નિશ્રા સુખકાર ।।વીર૦ ।।૮।। યશોભદ્ર વિજયે જિન ગાયા, સંઘ સકલ હરખાય ।।વીર૦।। મહાવીર પંચકલ્યાણક પૂજતાં; ઘર ઘર મંગળ થાય ।। વીર૦ ।।૯।।

અમારું નવું પ્રકાશન

**શ્રી જિનેન્દ્ર દર્શન ચોવીશી તથા અનાનુપૂર્વી**

**[ આવૃત્તિ છઠ્ઠી ]**

સંપૂર્ણ પરિકર સાથેના ચોવીશ ભગવાન-તથા ગૌતમસ્વામી, સિદ્ધચક્ર, વીશસ્થાનક, ઘંટાકર્ણ, માણીભદ્ર, પદ્માવતીદેવી, ચક્રેશ્વરીદેવી, અંબિકાદેવી તથા શત્રુંજયાદિ તીર્થો સાથે ૪૪ પૂર્ણરંગી ચિત્રો સાથે ભારે આર્ટ પેપર ઉપર સુઘડ છપાઈ સાથે પ્લાસ્ટીક કવર સાથે કીં. રૂા. ૨-૫૦ વધુ લેનારને યોગ્ય કમિશન આપવામાં આવશે.

**ઠે. જૈન પ્રકાશન મંદિર**

૩૦૯/૪, દોશીવાડાની પોળ, **અમદાવાદ-૧**